# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના હરદોઈમાં 594 કિલોમીટર લાંબા ગંગા એક્સપ્રેસ વેનું ઉદ્ઘાટન કર્યું.

2) પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાનું સવારે અગિયાર વાગ્યા સુધી ચાળિસ ટકા જેટલું મતદાન.

3) ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ. સેન્સેક્સમાં એક હજાર કરતાં વધુ અંકોનો ઉછાળો.

4) સંયુક્ત આરબ અમીરાતે પહેલી મેથી ઓપેક દેશો માંથી અલગ થઈ જવાની જાહેરાત કરી.

5) IPL ક્રિકેટમાં આજે મુંબઈ ઈન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુકાબલો.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM- HARDOI (EARLY)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના હરદોઈ જિલ્લામાં 594 કિલોમીટર લંબાઈના ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, જે રીતે હજારો વર્ષોથી ગંગા નદી ઉત્તરપ્રદેશની જીવનરેખા રહી છે, તેવી જ રીતે આ એક્સપ્રેસવે પણ રાજ્યના વિકાસની નવી જીવનરેખા બનશે.

**(BYTE- PM MODI)**

આ હાઇ-સ્પીડ કોરિડોર સમગ્ર ઉત્તરપ્રદેશમાં કનેક્ટિવિટીને તેમજ ઔદ્યોગિક વિકાસ, વેપાર, કૃષિ અને પર્યટન સહિત અનેક ક્ષેત્રોને વેગ આપશે અને સમગ્ર રાજ્યોમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકનું સર્જન કરે તેવી અપેક્ષા છે.

જ્યારે ઔદ્યોગિક રોકાણ, લોજિસ્ટિક્સ, કૃષિ માર્કેટિંગ અને પ્રાદેશિક સંતુલનને પ્રોત્સાહન આપશે. ઉત્તર પ્રદેશ એક્સપ્રેસવે ઔદ્યોગિક વિકાસ સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલો ગંગા એક્સપ્રેસવે, ઉત્તરપ્રદેશના પશ્ચિમ, મધ્ય અને પૂર્વીય પ્રદેશોને એક જ હાઇ-સ્પીડ કોરિડોર દ્વારા જોડશે. રાજ્યનો સૌથી લાંબો આ એક્સપ્રેસવે મેરઠ અને પ્રયાગરાજ વચ્ચેની મુસાફરીનો સમય 12 કલાકથી ઘટાડીને લગભગ 6 કલાક કરશે.

આ એક્સપ્રેસવે મેરઠ, હાપુર, બુલંદશહેર, અમરોહા, સંભલ, બુદૌન, શાહજહાંપુર, હરદોઈ, ઉન્નાવ, રાયબરેલી, પ્રતાપગઢ અને પ્રયાગરાજ સહિત 12 જિલ્લાઓમાંથી પસાર થશે.

# REV. PM-VISHWANATH TEMPLE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે શ્રી કાશી વિશ્વનાથ મંદિરના ગર્ભગૃહમાં 20 મિનિટ સુધી પૂજા કરી હતી. મંદિરના પૂજારીઓએ પૂજા કરી, તેમને માળા પહેરાવી અને ત્રિપુંડ લગાવ્યુ હતુ.

આ તકે ઉપસ્થિત ભાજપના નેતાઓએ શ્રી મોદીને ત્રિશૂળ અને ડમરુ ભેટમાં આપ્યા હતા. પ્રધાનમંત્રીએ મંદિરના પરિસરમાં હાજર કેટલાક ભક્તો સાથે પણ વાત કરી હતી.

# WEST BENGAL

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે મતદાન ચાલી રહ્યું છે. આ તબક્કામાં સાત જિલ્લાઓમાં કુલ 142 બેઠકો પર મતદાન થઇ રહ્યું છે. કોલકાતા, હાવડા અને 24 પરગણા જિલ્લામાં મતદારોની લાંબી કતારો લાગી છે. આજે સવારે 11 વાગ્યા સુધીમાં લગભગ 40 ટકા મતદાન નોંધાયું હતું.

# PM-WB VOTE APPEAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના મતદારોને રાજ્ય વિધાનસભા ચૂંટણી 2026 ના બીજા તબક્કામાં આજે રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવા વિનંતી કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, ખાસ કરીને પશ્ચિમ બંગાળની મહિલાઓ અને યુવાનો મોટી સંખ્યામાં મતદાન કરે અને તેમના મતાધિકારનો ઉપયોગ કરે તે મહત્વપૂર્ણ છે.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પશ્ચિમ બંગાળના મતદારોને મોટી સંખ્યામાં બહાર નીકળીને મતદાન કરવા વિનંતી કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ખડગેએ યુવા અને પહેલી વાર મતદાન કરનારા મતદારોને મતદાન પ્રક્રિયામાં ભાગ લેવા અને તેમના અધિકારનો ઉપયોગ કરવા પણ અપીલ કરી છે.

# FIFA-PM MODI

ફિફા અધ્યક્ષ જિયાની ઇન્ફેનટીનોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ખેલ પ્રત્યેના પ્રેમની સરાહના કરી હતી. તેઓએ ગંગટોકમાં બાળકો સાથે ફૂટબોલ રમતા શ્રી મોદીની એક તસવીર શેર કરી હતી. દક્ષિણ એશિયામાં ફૂટબોલના વિસ્તાર માટે પ્રતિષ્ઠિત ફિફાના પ્રમુખે આ તસવીર તેના સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં લખ્યું કે, ફૂટબોલ ખરેખર વિશ્વને એકજુટ કરે છે.

પૂર્વોત્તર ક્ષેત્રમાં ફૂટબોલ રમત ખૂબ લોકપ્રિય છે. સિક્કિમ , મિઝોરમ , મેઘાલય જેવા રાજ્યમાં આ રમત ક્રિકેટ સાથે સ્પર્ધા કરે છે. ફીફા અધ્યક્ષ અને પ્રધાનમંત્રી શ્રી મોદી આંતરરશ્રીય મંચ પર ઘણી વાર મળ્યા છે. ડિસેમ્બર ૨૦૧૮ માં આર્જેન્ટિનામાં G – ૨૦ શિખર સંમેલનમાં , ફિફા પ્રમુખે શ્રી મોદીને તેમના નામ વળી એક ફૂટબોલ જર્સી પણ ભેટમાં આપી હતી.

ગઇકાલે પ્રધાનમંત્રી શ્રી મોદી સિક્કિમના ગંગટોકમાં યુવા ખેલાડીઓ સાથે ફૂટબોલ રમ્યા હતા, જેને એક સુખદાયી અને સ્ફૂર્તિદાયક સવાર ગણાવી હતી.

# EAM- ECUADOR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં તેમના ઇક્વાડોર સમકક્ષ ગેબ્રિએલા સોમરફેલ્ડ સાથે મુલાકાત કરી અને વેપાર, કૃષિ અને ક્ષમતા નિર્માણ જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રીએ ભારતની આગેવાની હેઠળના આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ અને આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સ (IBCA) માં જોડાવા માટેની પ્રક્રિયા શરૂ કરવાના ઇક્વાડોરના નિર્ણયનું સ્વાગત કર્યું. તેમણે નોંધ્યું કે ઇક્વાડોર અગાઉથી જ આપત્તિ સ્થિતિસ્થાપક માળખાગત જોડાણ માટે ગઠબંધનનો સભ્ય છે.

ડૉ. જયશંકરે જાહેરાત કહ્યું  કે ક્વિક ઇમ્પેક્ટ પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે ભંડોળ પર બંને દેશો વચ્ચે કરાર થયો છે જે  વિકાસ ભાગીદારીને વધુ ગાઢ બનાવવા તરફ એક પગલું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# 1200 STOCKS

ભારતીય શેર બજારમાં આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં એક ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સમાં 1000 થી વધુ પોઈન્ટ, જ્યારે નિફ્ટી 300 થી વધુ પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો.

# UAE OPEC

સંયુક્ત આરબ અમીરાતે જાહેરાત કરી છે કે તે પહેલી મેથી ઓપેક OPEC માંથી અલગ થઈ જશે. જેનાથી વૈશ્વિક તેલ પુરવઠા અને ભાવ પર ઓપેક ની પકડ નબળી પડી શકે છે.

UAE ના આ નિર્ણયની ચર્ચા કેટલાક સમયથી ચાલી રહી હતી કારણ કે તે ઓપેકના ઉત્પાદન ક્વોટાથી અસંતુષ્ટ હતું. UAE ના મતે ઘટાડેલા ક્વોટાને કારણે તે વિશ્વને જેટલું ઇચ્છે તેટલું ખનીજતેલનું વેચાણ કરી શક્યું નથી.

જોકે ઓપેકમાંથી UAEના ખસી જવાથી બજાર પર તાત્કાલિક મોટી અસર થવાની શક્યતા ઓછી છે, કારણ કે ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ સમુદ્રધુની બંધ હોવાથી વૈશ્વિક તેલ પુરવઠો ખોરવાઈ રહ્યો છે.

(VC: KRUSHNKANT)

# CENTRATL MOTOR VEHICLE – DRAFT

સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, 1989 માં પ્રસ્તાવિત સુધારાઓની રૂપરેખા આપતું ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે. ડ્રાફ્ટ મુજબ, ઉત્સર્જન અને મંજૂરી ધોરણો હેઠળ ટેકનિકલ ઇંધણ વર્ગીકરણને ઉચ્ચ ઇથેનોલ અને બાયોફ્યુઅલ મિશ્રણ લક્ષ્યોને પ્રતિબિંબિત કરવા માટે અપડેટ કરવામાં આવ્યું છે.

ડ્રાફ્ટ નોટિફિકેશનમાં મુખ્ય ફેરફારોમાં હાઇડ્રોજન + CN થી હાઇડ્રોજન + CNG સુધી હાઇડ્રોજન ઇંધણ વર્ગીકરણમાં સુધારો, E20 ના અમલીકરણને અનુરૂપ પસંદગીની શ્રેણીઓમાં કુલ વાહન વજન મર્યાદા 3 હજાર કિલોથી વધારીને 3 હજાર 500 કિલો કરવી, બાયોડીઝલ સંદર્ભોને B10 થી B100 સુધી અપગ્રેડ કરવા અને ઉત્સર્જન પરીક્ષણ પરિમાણો અને તકનીકી સંકેતોને માનક બનાવવાનો સમાવેશ થાય છે.

# NCB-ZONAL CONFERENCE

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) ની પહેલી ત્રિમાસિક ઝોનલ ડિરેક્ટર્સ કોન્ફરન્સ 2026 નવી દિલ્હીમાં પૂર્ણ થઈ, જેમાં NCBના તમામ ક્ષેત્રીય એકમોએ આગામી ત્રણ વર્ષ દરમિયાન દેશભરમાં ડ્રગ હેરફેર અને ડ્રગના દુરુપયોગ સામે અસરકારક રીતે લડવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

બ્યુરોના જણાવ્યા અનુસાર, બે દિવસીય કોન્ફરન્સ અસરકારક કાર્યવાહી, સંયુક્ત સંકલન સમિતિ અને નાર્કો કોઓર્ડિનેશન સેન્ટર મિકેનિઝમનો શ્રેષ્ઠ ઉપયોગ અને ભાગેડુઓને ન્યાયના કઠેડામાં લાવવા, રોડમેપના અમલીકરણ માટે તૈયાર થવા માટે NCB ઝોનલ ઓફિસોના અમલીકરણ અને સંકલન કાર્યોની વિગતવાર સમીક્ષા પર ધ્યાન કેન્દ્રિત હતી.

# IPL

IPL ક્રિકેટમાં આજે સાંજે સાડા સાત વાગે મુંબઈ ઈન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે મુકાબલો થશે.

ગઈકાલે રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે પંજાબ કિંગ્સને છ વિકેટે પરાજય આપ્યો.

# US-THUNDERSTORMS

અમેરિકામાં, ગઈકાલે રાત્રે ટેક્સાસના કેટલાક ભાગોમાં ભારે વાવાઝોડાએ વિનાશ વેર્યો હતો. વાવાઝોડાએ  ઘરોની છત ઉડાડી દીધી, ઇમારતો ધરાશાયી થઈ ગઈ અને કાટમાળ હવામાં ફંગોળાયો હતો. ફોર્ટ વર્થથી લગભગ 72 કિલોમીટર પશ્ચિમમાં આવેલા નાના શહેર મિનરલ વેલ્સમાં, અનેક ઘરો અને દુકાનોને નુકસાન થયું. ઘણા પરિવારો વિસ્થાપિત થયા.

વાવાઝોડાને કારણે ઇજાગ્રસ્ત  બે લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. અન્ય લોકોને નાની ઇજાઓ થતાં ઘટનાસ્થળે સારવાર આપવામાં આવી. તાત્કાલિક કોઈ મૃત્યુ કે ગુમ થયેલા લોકોના અહેવાલ નથી. ઉત્તરી ટેક્સાસમાં વાવાઝોડા ઉત્પન્ન કરનારા વાવાઝોડામાં ઓછામાં ઓછા બે લોકોના મોત થયા અને ઓછામાં ઓછા 20 પરિવારો વિસ્થાપિત થયાના થોડા દિવસો પછી જ આ તોફાન આવ્યું.